# એક

શતરંજના ખેલાડીની જેમ બંને સ્ત્રીઓ એકબીજીને નજરથી માપતી હતી. તેમના ચહેરા પર એક વાસી સ્મિત વળગી રહેલું હતું જેનો કોઈ અર્થ નહોતો. કોઈ પણ પળે તેમનામાંની કોઈ પણ એક પોતાના હોઠ ખોલશે અને કંઈક બોલશે, જેનો પણ કંઈ અર્થ નહીં હોય.

મુલાકાતનું બધું જોર હતું પેલી નજરોમાં. ફેણ ચડાવીને સામસામે જોતા બે નાગની નજર પણ આટલી સતર્ક, આટલી બધી સાવધાનીભરી નહીં હોય. થોડી વારે જરા નાની દેખાતી સ્ત્રીએ પૂછ્યું, “ચા બનાવું કે કૉફી?”

“ના, ના! હું ઘેરથી ચા પીને જ આવી છું.”

“એમ તે કંઈ ચાલે? તો પછી લીંબુનું શરબત બનાવું.”

મોટી સ્ત્રીના મૌનને સંમતિ માની લઈને તે ઊઠી અને રસોડામાં ગઈ. અંદર તેની દીકરી ઊભી હતી અને ધ્રૂજતી ધ્રૂજતી બધું સાંભળી રહી હતી. તેણે હળવેથી પૂછ્યું, “મારી સાસુ શું કહે છે?”

“મેં કંઈ વાત નીકળવા જ દીધી નથી ને!” પોતાની મુત્સદ્દીગીરીથી મલકાઈને મા ઝટપટ લીંબુ, છરી, લીંબુનો રસ કાઢવાનો સંચો, ખાંડનો ડબ્બો, ચમચી, ફ્રીજમાં રાખેલો પાણીનો બાટલો અને મહેમાનો માટે વપરાતો પાતળા કાચનો ઊભો ગ્લાસ રસોડાના ટેબલ પર ગોઠવવા લાગી. પછી તેણે દિવાળીમાં ભેટ આવેલી નવી ટ્રે કાઢવા કબાટના ઉપરના ખાનાનું બારણું ખોલ્યું.

“અન્ના! તું મને પાછી તો નહીં મોકલે ને?”

“જોઈશું.” કહીને શરબત બનાવવા લાગી. તેનું નામ અરુણા હતું પણ તેનાં સંતાનો સિક્કે બધાં તેને અન્ના જ કહેતાં. તેનાં બધાં છોકરાંઓમાં આ કાદંબરી સૌથી નાની હતી અને તેને વહાલી પણ હતી. છતાં તેનું આ પગલું એને નહોતું ગમ્યું. આમ સાસરેથી ભાગી આવવું બિલકુલ ઠીક ન કહેવાય. આટલું પૈસાદાર સાસરું કંઈ સૌને નથી મળતું. હોય, કંઈ મુસીબત હોય તો

વાત કરવી જોઈએ, કંઈ રસ્તો શોધી કઢાય... પણ આમ વગર કહ્યે પિયેર ચાલી આવવું... ના, એ બિલકુલ બરાબર નહોતું.

"કદંબ!"

"હું!"

"લે, ચાખી જો જોઈએ. શરબત બરાબર થયું છે? ભાવશે તારી સાસુને?"

"હા! પણ અન્ના, એ લોકો આપણા કરતાં વધારે ગળ્યું પીએ છે."

"તો નાખ બીજી ખાંડ."

થોડી વાર કાચના પ્યાલામાં ચમચી ગોળગોળ ફરવાનો અવાજ જ આવ્યા કર્યો. કાદંબરીના મનમાં ઘણા પ્રશ્ન હતા, પણ તે જાણતી હતી – મા ઉત્તર નહીં આપે. અરુણાના મનમાં પણ ઘણી વાતો હતી, પરંતુ એય સારી પેઠે જાણતી હતી – દીકરી અત્યારે નહીં સાંભળે! એટલે પછી રસોડામાં ચમચીનો કાચ સાથે અથડાવાનો અવાજ જ આવ્યા કર્યો.

"થયું, કદંબ! જા, લઈ જા!"

"હું?"

"કેમ? કાલે ઊઠીને એની સાથે જ જિંદગી કાઢવાની છે ને!"

કાદંબરી મા સામે તાકી રહી. આનો અર્થ એ થયો કે મા એને નહીં રાખે. વળી પાછું તેણે ત્યાં જ જવું પડશે – 'રતનમેનોર'માં, જ્યાંનો એકે ઓરડો એવો નહોતો જેણે પોતાનાં આંસુ ન જોયાં હોય. રતનગૌરી એની સાસુ વિજયાનાં મા હતાં અને એમણે બંધાવેલો આ ભવ્ય મહાલય એની સાસુને મળ્યો હતો, એકની એક દીકરી હોવાને કારણે. નામ એનું એ રહ્યું હતું – 'રતનમેનોર' કદાચ એ જ ઠીક હતું. જો વિજયાના નામ પ્રમાણે બદલીને 'વિજયમહાલ' કે એવું કંઈક કરવામાં આવત તો વળી પાછું ક્યારેક બદલવું પડત અને વિજયાને કંઈ એક બાળક નહોતું. અનિલ, સુનીલ બે છોકરાઓ અને નીલમ, પન્ના બે છોકરીઓ. મકાનનું નામ કોના પરથી પાડત? જોકે બંને છોકરીઓ તો પરણીને પરદેશ ચાલી ગઈ હતી. એક ઑસ્ટ્રેલિયા, એક અમેરિકા. સુનીલ પણ ડૉક્ટરનું ભણતો હતો. ભાગ્યે જ અહીં રહે. એટલે બંગલો ભોગવનાર તો એકલો અનિલ. અનિલ, કાદંબરીનો વર!

અનિલ યાદ આવતાં જ તે ઝબકીને જાગી. બહુ લાડ કરીને કહેવા લાગી, "અન્ના! તું લઈ જા ને!"

અરુણાએ હાથમાં ટ્રે પકડી અને જતાં જતાં પૂછ્યું, "શું છે? સાસુની બહુ બીક લાગે છે?"

"ના." કહી કાદંબરી મૂંગી રહી ગઈ. વાત કંઈ ખોટી નહોતી. હૈયું ધડધડ કરતું હતું તે અનિલની બીકે. વિજયાનો કશો ત્રાસ નહોતો. એ એની મેળે એની પોતાની જિંદગી જીવતી હતી. કોઈ પણ રીતે ચોવીસ કલાક વિતાવી દેતી હતી. એના પક્ષાઘાત થયેલા પતિનો કે પોતાનો ઓળો રતનમેનોરના બે ઓરડાની બહાર ખાસ પડવા દેતી નહોતી. બહુ બોલતીયે નહોતી. છતાં લાગતું હતું કે તે બધું જાણે છે. બધું સમજે છે... શું એ ભ્રમ હશે?

કોઈ દિવસ વાત થઈ નથી. શું તે ખરેખર અનિલને ઓળખતી હશે? જન્મ આપવાનો ગુનો તેનો હતો એ ખરું, પણ તેથી કંઈ એ અનિલનું તમામ ગેરવર્તન જાણતી હોય કે પસંદ કરતી હોય એવું થોડું જ કહી શકાય?

કેટલીયે વખત કાદંબરીને એવું લાગ્યું છે કે અનિલના છાકટાવેડા, અનિલની ક્રૂર, અસંસ્કારી વાણી અને અનિલનું નિષ્ઠુર વર્તન એની માને નજરે ચડે છે, છતાં એ કંઈ બોલતી નથી. પેલા અલગ ઓરડાનાં બારણાં ચપોચપ વાસી દે છે. પોતાની અસંમતિ દર્શાવવાનો એના હાથમાં એ જ એક રસ્તો છે.

પરણીને એ ઘરમાં ગઈ ત્યારથી કાદંબરી ક્યારેય પોતાની સાસુ સાથે મન મૂકીને બોલી નથી. હંમેશાં એનાથી સાવધાન રહી છે. માએ એને પહેલેથી ચેતવી હતી – અનિલને હાથમાં રાખજે. બીજા કોઈ સાથે બહુ હળતીભળતી નહીં. સાસુનું ભલું પૂછવું. એનું ચાલે તો એ તમારા બેનું જામવા જ નહીં દે... અનિલના હાથમાં લાખો રૂપિયાનો કારભાર છે, ધીરે ધીરે એ બધું તારું કરી લેજે. અનિલ રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ, એમ જ જીવજે.

અને પછી કાદંબરી એમ જ જીવી હતી. અનિલનું બધું જ એણે ચલાવી લીધું હતું. બદલામાં અનિલ રાજી થાય ત્યારે નોટોની થોકડી મળતી. એ કબાટમાં સાચવી શકાતી.

અનિલ ક્યારેય હિસાબ પૂછતો નહીં. એ એની જિંદગી જીવતો હતો અને જ્યારે જ્યારે કાદંબરીની જરૂર પડે ત્યારે એને પણ યાદ કરી લેતો હતો.

શરૂઆતમાં એ પોતાને ઘેર આવતી. અન્નાને વાત કરતી. ક્યારેક રડતી – પણ એણે જોઈ લીધું કે અન્નાની આંખો ઘર સામે ઊભી રહેલી મોટરના ચકચકાટ રંગ પર ચોંટેલી હોય છે. પોતાની દરેક વાતને અંતે અન્ના એની એ જ સલાહ આપે છે – હોય એ તો! પૈસાદાર માણસ છે, બે-ચાર લક્ષણ હોય

પણ ખરાં! નભાવી લેવાનું – અને પછી એ ઉત્સાહપૂર્વક પૂછે છે, “કદંબ! આ નવી બંગડીઓ ક્યારે કરાવી? કેટલા તોલાની થઈ?”

કાદંબરી સમજે છે. અન્નાનો કોઈ વાંક નથી. એની સુખની વ્યાખ્યા નવી નવી મોટર અને નવા નવા દાગીનામાં સમાઈ જાય છે એની દૃષ્ટિએ એની કદંબ પરમ સુખી છે. અને એ સુખનો દેનારો એનો જમાઈ અનિલ સર્વાંગસંપૂર્ણ છે – કાદંબરીએ પોતે પણ માની સમજ અપનાવી હતી. કબાટમાં વધ્યે જતા નોટોના થોકડા અને દાગીનાની પેટીઓ જોઈજોઈને હરખાવાની ટેવ પાડી હતી. ચાર માણસના દેખતાં અનિલે કરેલું અપમાન નવી એ.સી. કારની શીતળતામાં ટાઢું પડી જવા દીધું હતું, પણ હવે...

આમથી તેમથી વહેતું પાણી ભેગું થઈને જ્યારે ભેખડની ધારે આવી પહોંચે છે ત્યારે એ જલપ્રપાતને કોઈ અટકાવી શકતું નથી. ધોધનો ઘુઘવાટ ને ગર્જના બહેરા કાનને પણ સાંભળવાં પડે છે. એવા જ કોઈ પ્રચંડ, અદમ્ય આવેગની મારી કાદંબરી આજે રતનમેનોર છોડીને અન્ના પાસે આવી છે. એને માનો ખોળો જોઈએ છે... રોજ રોજના ઉઝરડામાંથી જાગેલી આગ ઠારવા બે ઘડી શાંતિ જોઈએ છે. એને બધું - રજેરજ - કહી નાખવું છે. અનિલે શું કર્યું છે - સતત કર્યા કર્યું છે, અને દુનિયાની કોઈ પણ દોલત એ દુર્વ્યવહારનો છેદ ઉડાડી શકે એમ નથી એ સમજાવવું છે.

અને અરુણાને એ નથી સમજવું. નથી સાંભળવું. એની નજર આગળ રતનમેનોર ચમકે છે. કેટકેટલી મુસીબતે છોકરીને ત્યાં ગોઠવી છે! અને હવે ત્યાંથી પગ કાઢવો? કદી ન બને. છોકરી તો નાદાન છે. પોતાનું હિત શેમાં છે તે નથી સમજતી. પટાવી-ફોસલાવીને પાછી ઘરભેગી કરી દેવાની. એ જ વિચાર એના મનમાં ઘૂમતો હતો. કાદંબરીને છાની રાખી, પંપાળી, એની વાતમાં હાએ હા કરી, પણ અંદરનો સંકલ્પ બીજો જ હતો.

તેમાં વળી વેવાણ આવી.

વિજયાના આવ્યા પછી તો અરુણા ઓર સાવધાન બની ગઈ. છોકરીનો વાંક કાઢે તો ઉપરઉપરથી લડી લઈને અંતે માફી માગી લેવી અને કાદંબરીને સાસુની સાથે જ વિદાય કરી દેવી એવું તેણે મનોમન ગોઠવ્યું હતું. પણ વિજયા ભારે પાકી નીકળી. કંઈ બોલતી જ નથી.

શરબત પિવાઈ ગયા પછી ઘણી અનિચ્છા છતાં અરુણાને મોં ખોલવું પડ્યું.

“વેવાઈને મૂકીને આમ તો બહાર નીકળતાં નથી...નહીં ને, તમે?”

"કોઈ વાર નીકળવું પડે."

"પણ આજે તો કદંબેય નથી – માણસોને આશરે મૂકીને આવ્યાં?"

"હં."

બંને જણ ફરી એકબીજાની સામે જોવા લાગ્યાં. આ વખતે વિજયાની આંખો નમી ગઈ. નીચી નજરે જ તેણે કહ્યું, "તમારી સાથે થોડી વાત કરવી હતી."

"બોલો."

"કાદંબરીને બોલાવો ને!"

"કદંબ તો છોકરું કહેવાય. આપણી મોટાની વાતમાં એ શું સમજે?"

"ના, એને બોલાવો. નહીંતર મારાથી વાત નહીં થાય."

હારીને અરુણાએ કાદંબરીને બોલાવી. એ આવીને આ બંને મોટી વયની સ્ત્રીઓ સામે વિનયથી ઊભી રહી. વરસોથી એ આ બંનેની સાથે વારાફરતી રહી છે – છતાં બેમાંથી એકેને ઓળખતી નથી. જે ભભૂકતી જ્વાળાઓ વચ્ચે એણે આ છેલ્લો થોડો સમય વિતાવ્યો છે તેની આ બેમાંથી એકેને ખબર નથી. ખબર પડે તોયે એ લોકો એ બાબત કંઈ કરી શકે એમ નથી. કાદંબરી શું એ નથી જાણતી?

એ આવા જ કંઈ વિચારોમાં ગૂંચાયેલી પોતાની સાસુની સામે જોતી હતી અને જ્યાં જ્યાં અનિલનું સામ્ય દેખાય ત્યાં છળી ઊઠતી હતી. એટલામાં એણે સાંભળ્યું કે શાંત, સંયત સ્વરે એની સાસુ બોલી રહી હતી.

"ઘણા વખતથી વિચાર કરતી હતી, અરુણાબહેન, કે તમને આવીને કહું, છોકરીને તમારી પાસે બોલાવી લો... એણે બહુ વેઠ્યું છે. છેક ભાંગી પડે તે પહેલાં એને બચાવી લો, પણ મોકો મળતો નહોતો. આજે જ્યારે હદ આવી ગઈ છે અને કાદંબરી પોતે જ ઘર છોડીને આવતી રહી છે ત્યારે હું ખાસ તમને કહેવા આવી છું, બહેન! કે આ વખતે ભૂલ ન કરશો, એને પાછી ન મોકલશો."

અરુણા એકદમ ચિડાઈ ગઈ. બોલવા લાગી, "શા માટે ન મોકલું? એનું ઘર છે, એનો હક છે. એ શા માટે ત્યાંથી પગ કાઢે? એને આજે ને આજે - હમણાં જ પાછી મૂકી આવીશ!"

"તો તમે એને જીવતી નહીં જુઓ!"

"કોણ મારી નાખશે? તમે?"

લમણામાં સીધા ઝીંકાયેલા પથ્થર જેવા આ પ્રશ્નથી વિજયા બે પળ શાંત થઈ ગઈ. પછી એણે ફરી પાછું આસ્તે આસ્તે બોલવા માંડ્યું અને પોતાના દીકરાનાં કુકર્મોની આખી કથા કોઈ ત્રાહિતની માફક વર્ણવી બતાવી. છેલ્લે એણે ફક્ત એટલું જ કહ્યું, "આવામાં કોઈ જીવી ના શકે. કોઈ અકસ્માત કહે, આપઘાત કે ખૂન... બધું એનું એ! કાદંબરીએ બહુ સહન કર્યું છે પણ હવે એ વધારે સહન નહીં કરી શકે... એ નહીં જીવી શકે."

"કેમ કદંબ! આ શું સાચું કહે છે?"

કાદંબરીએ નજર નીચી ઢાળીને ડોકું હલાવ્યું. એને અપાર વિસ્મય થતું હતું. પોતાના અર્ધબેહોશ પતિ સાથે રાતદિવસ જડાઈ રહેતી આ બાઈએ આ બધું ક્યારે જાણ્યું? કેવી રીતે એ સમજી ગઈ કે હવે હદ આવી ગઈ છે? એને થયું કે એ એની સાસુને ગળે વળગીને આજ લગી રોકી રાખેલું વર્ષોનું રુદન વહી જવા દે. એના ખોળામાં થોડી જગ્યા માગીને જીવતરનો થાક ઉતારે. પણ એ આગળ વધે એ પહેલાં તો એને કાને એની માનાં તીખાં વેણ અથડાયાં.

"તે વેવાણ! આટલું બધું જાણો છો તો તમે કંઈ કરતાં કેમ નથી?"

"લાચાર છું. બધો વહીવટ અનિલના હાથમાં છે – તમારા વેવાઈની હાલત તમે જાણો છો. એ ઘર સિવાય મારો તો છૂટકો નથી. આનો છે."

"એમ હું ફોસલાઉં એવી નથી, હા..." કહી અરુણા મૂંગી થઈ ગઈ. વિજયાએ પણ કહેવાનું બધું કહી લીધું હતું, એની વત્સલ દૃષ્ટિ એની નમણી વહુના ચહેરા પર ઠરી હતી. થોડી વાર પછી એણે પૂછ્યું :

"તો શું તમે એને નહીં રાખો?"

"તમારી બાજી હું સમજું છું. તમારે મારી દીકરીનો પગ કાઢવો છે. એ નહીં બને, સમજ્યાં?"

"કાયમ માટે નહીં તો થોડા દિવસ તો રાખો! અનિલને એટલું તો થવા દો કે આનું કોઈક છે? એ એની મેળે પગે પડતો આવશે. ત્યારે બે-ચાર શરતો તો કરજો! એને માથે કંઈક લગામ રહેશે! ચાર દા'ડામાં કંઈ નથી થઈ જવાનું – એને જરા વિશ્રામ તો વળવા દો!"

"કહી રહ્યાં? એ આજે જ પાછી આવશે."